અડાલજમાં સાદા ઝાડાના ૧૩ કેસ નોંધાયા

બે દર્દીઓને સારવાર માટે દાખલ કરાયા; ૩ બાળકો પણ રોગચાળાની ઝપટમાં; ગરમીનો પ્રકોપ કારણભૂત હોવાની શંકા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલ અડાલજમાં આજે સાદા ઝાડાના ૧૩ જેટલા કેસ નોંધાતા જિલ્લા આરોગ્યતંત્ર દોડતું થઈ જવા પામ્યું છે. આ રોગચાળો થવાનું કોઈ ચોકકસ કારણ હજુ તંત્ર શોધી શકયું નથી પરંતુ પાણીના નમૂના લઈ તે ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજના વડવાળીચાલી વિસ્તારમાં આ સાદા ઝાડાના કેસો નોંધાયા છે. જે પૈકી એક દર્દીને ચાંદખેડા ખાતે ખાનગી હોસ્પિટલમાં તો અન્ય એક દર્દીને ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જયાં દર્દીઓની તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આવાકેસો બન્યાની જાણ થતાં જ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. દિપક ઠાકર, ગાંધીનગર બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. ત્રિવેદી સહિતના અધિકારીઓ અડાલજ પહોંચી ગયા હતા.

અડાલજમાં સર્વેલન્સની તાબડતોબ કામગીરી પણ પાંચ જેટલી ટમો બનાવી શરુ કરી દેવામાં આવી છે. તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં કલોરીન ટિકડીઓનું અને બોરેટ પાવડરનું વિતરણ પણ શરુ કરી દેવામાં આવ્યું છે.

મોડી સાંજ સુધીમાં કોઈ નવા કેસ મળ્યા નથી પરંતુ તંત્ર દ્વારા સર્વેલન્સને વધુ સઘન બનાવવામાં આવશે. આ ઉપરાંત પાણીના કલોરીનેશન મુદ્દે પંચાયતના સત્તાવાળાઓ સાથે વાતચીત પણ કરી છે.

જે સાદા ઝાડાના કેસો નોંધાયા છે તેમાં ૩ બાળકો છે જેમની આયુ ૧૦ વર્ષ સુધીની છે જો કે તેમની તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે વધુ પડતી ગરમી પણ આ રોગચાળા માટે જવાબદાર હોવાનું તત્રનું માનવું છે. તંત્રને તેની તપાસ દરમિયાન કોઈ પાણીના લીકેજીસ મળ્યા નહી હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર જુનીયર સીટીઝન કાઉન્સિલ હેલ્પ લાઈન અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના સંયુક્ત પ્રયાસોથી જુ.સી.કા. ખાતે વિકલાંગોને સાયકલ વિતરણનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે મ.ન.પા.ના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્યશ્રી અશોક પટેલ, હેલ્પલાઈનનાં રૂચિર ભટ્ટ, લાયન્સ ક્લબના હરિશ ત્રિવેદી તથા જુસીકાના સર્વે હોદ્દેદારો અને સમાજસેવીઓએ હાજરી આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

એમ્પોઈમેન્ટ ઓફિસમાં આગથી દસ્તાવેજો ખાખ

અમદાવાદ, તા.૦૯

અમદાવાદ મેઘાણીનગર વિસ્તારમાં આવેલી જુની ડીજી ઓફિસના સંકુલમાં આવેલી એમ્પોઈમેન્ટ ડિપાર્ટમેન્ટની ઓફિસમાં આગ લાગી હતી. સવારે ૧૦ વાગ્યાની આસપાસ આગની ઘટના બનતા આસપાસના લોકોમાં અફરાતફરી સર્જાઈ હતી. આગ પર કાબુ મેળવવા માટે પાંચ ફાયર ફાયટર્સે ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવીને કલાકોની જહેમત પાછી આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. જો કે ઓફિસમાં મુકેલા દસ્તાવેજો અને ફર્નિચર સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાથમિક તબક્કે આગ શોટસર્કીટના કારણે લાગી હોવાની ફાયરબ્રિગેડના અધિકારીઓનું કહેવું છે તેમ છતાં આગનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી.

શહેરમાં સમાવિષ્ટ ગામડાઓ હજુ પણ પ્રાથમિક સુવિધાઓ મેળવવાથી વંચિત

ચૂંટાયેલા પ્રતિનિધિઓને સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં કોઈ જ રસ નથી : ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિ

ગાંધીનગર, તા. ૯

રાજ્યના પાટનગર ગાંધીનગરને દેશમાં રોલ મોડલ તરીકે ઉભુ કરવામાં આવ્યું છે. પાટનગરની ચર્ચા અને તેનો વિકાસ પણ દેશના અન્ય રાજ્યો કરતા ઉડીને આંખે વળગે તેવો છે. પરંતુ આ પાટનગરને બનાવવા માટે આજુ-બાજુના ગામના ખેડૂતોએ પોતાના કાળજાના ટુકડા સમાન જમીન આપી તેમનો વિકાસ આજ સુધી થયો નથી.

ગાંધીગર શહેરની પડખે આવેલા પાલજ, બાસણ, ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ, આદિવાડા અને શહેરની મધ્યમાં આવેલ ફતેપુરા ગામને શહેરમાં સમાવેશ કરવામાં આવ્યા છે. પરંતુ પ્રાથમિક સુવિધાનો અભાવ વર્તાય છે. ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિએ માર્ગ અને મકાન વિભાગના સચિવને સમસ્યાઓનું નિરાકરણ લાવવા પત્ર લખી જાણ કરી છે.

તેમણે કહ્યું છે કે જે ખેડૂતોની જમીન પર રાજ્યની વિધાનસભા બનાવવામાં આવી છે અને કાળજાના કટકા સમાજ અને કુદરતી વાતાવરણમાં જે મંત્રી નિવાસ બનાવવામાં આવ્યું છે. તેવા ખેડૂતોની સમસ્યા સાંભળનાર કોઈ નથી. ખેડૂતોને જે તે સમયે નજીવી કિંમત આખી જમીન પડાવી લેવામાં આવી તેવા ખેડૂતો હજી પણ પોતાના હક મેળવવા જજુમી રહ્યા છે.

વર્ષોથી લેખિત અને મૌખિક રજુઆત કરવામાં આવી હોવા છતાં પ્રશ્નો સરકારના ટેબલ પર ચકરડીની જેમ ફરી રહ્યા છે. ચૂંટાયેલા ધારાસભ્યો, કોર્પોરેટરો, ખેડૂતોના પ્રશ્નોમાં ચાંચ બોળતા નથી અને ચૂંટણી વખતે ઠાલા વચનોનો વરસાદ વરસાવે છે. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં સમાવિષ્ટ ગામોમાંથી લાખ્ખો રૂપિયાનો મિલકત વેરો વસુલવામાં આવે છે. છતાં પણ સુવિધા આપવામાં આળશ રાખે છે.

ગ્રામ્ય વિસ્તારમાં ઉબડખાબડ રોડ હોવાથી વાહનચાલકોને પારાવાર મુશ્કેલી આવન-જાવનમાં પડે છે. અધુરી સ્ટ્રીટલાઈટોના અભાવે ગામમાં રાત પડતા જ ભેંકાર અભાવે બાળકોની સામે અન્યાય કરવામાં આવી રહ્યો છે. પોલીસચોકી, એસ.ટી. બસની સુવિધા પણ તંત્ર આપી શક્યું નથી.

કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે ગામડામાં પિવાના પાણીની સમસ્યાઓ સર્જાઈ રહી છે. શહેર કરતા ગામડામાં પાણીની જરૂરિયાત વધારે હોય છે. ગામડામાં ઘરે ઘરે પશુપાલનનો વ્યવસાય કરવામાં આવતો હોય છે ત્યારે આવા ગામડામાં નર્મદાનું પાણી આખી સમસ્યાઓનું નિરાકરણ લાવવા પણ ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે.

તીવ્ર ગરમીથી અમદાવાદમાં વધુ ત્રણના મોતથી મૃતાંક વધીને ૧૫

અમદાવાદ સહિત રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા દિવસોની સરખામણીમાં તાપમાન ઘટ્યું હોવા છતાં લોકો બેહાલ : ૫૭ કેસો નોંધાયા

અમદાવાદ,તા. ૦૯

અમદાવાદ સહિત ગુજરાતભરમાં પણ ભીષણ ગરમી પડી રહી છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસની સરખામણીમાં આજે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ગગડ્યો હતો. જોકે લોકોની હાલત હજુ પણ કફોડી બનેલી છે. અમદાવાદમાં વધુ ત્રણ લોકોના મોત થતાં છ દિવસમાં જ મોતનો આંકડો વધીને ૧૫ સુધી પહોંચી ગયો છે.

અમદાવાદમાં હજુ સુધી એલજી હોસ્પિટલમાં ત્રણ અને વીએસ હોસ્પિટલમાં ૧૨ લોકોના મોત થઈ ચુક્યા છે. અમદાવાદમાં ગરમી સાથે સંબંધિત જુદા-જુદા રોગના ૫૭ દર્દીઓ જુદી-જુદી હોસ્પિટલમાં સારવાર હેઠળ પહોંચ્યા છે જેમાં વીએસમાં ૪૨ અને એલજીમાં ૮ દર્દીઓ છે. જ્યારે શારદાબેન હોસ્પિટલમાં પાંચ અને સીવીલમાં ત્રણ દર્દીઓને દાખલ કરાયા છે. આજે અમદાવાદમાં પારો ગગડીને ગઈકાલના ૪૪.૪ની સરખામણીમાં ૪૨.૫ થઈ ગયો હતો. ડિસા, ગાંધીનગરમાં પણ પારો ગગડ્યો હતો. હવામાન વિભાગે કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરી નથી. છતાં હવે લોકો પણ સાવધાન થઈ ગયા છે. જેથી લોકો બિનજરૂરી રીતે બહાર નિકળી રહ્યા નથી.

અમદાવાદમાં આજે વધુ ત્રણના મોત સાથે ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૨૪ ઉપર પહોંચ્યો છે. હવામાન વિભાગ તરફથી આજે કોઈ હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી ન હતી પરંતુ લોકો ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. બીજી બાજુ ઓફિસો અને ઘરમાં પંખા અને એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીની કટોકટી વચ્ચે લોકો વધારે પરેશાન થયેલા છે. આજે રાજ્યમાં સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૩ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં આજે જે ત્રણ લોકોના મોત થયા હતા તેમાં વીએસમાં તમામના મોત થયા હતા. જેમાં બાવળાના રસીક પટેલ, દાણીલીમડાના બાબા સાહેબ, સરસપુરના અબ્બાસભાઈ સામેલ છે.

એન્જિ.માં ઓનલાઈન ફોર્મ૧૨મી સુધી ભરાશે

અમદાવાદ, તા.૦૯

રાજ્યમાં અત્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ઈજનેરીમાં પ્રવેશ માટેની પ્રક્રિયા ચાલુ છે. ડિગ્રી ઈજનેરી અભ્યાસકમોની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત વિદ્યાર્થીઓના હીતને ધ્યાનમાં રાખી રજિસ્ટ્રેશનના સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે જે મુજબ હવે વિદ્યાર્થીઓ ૧૨ જૂન સાંજે પાંચ વાગ્યા સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.

એસીપીસ દ્વારા રાજ્યની ડિગ્રી ઈજનેરી કોલેજમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત બુકલેટ અને પીન કોડ વિતરણ તેમજ ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે. જો કે ગરમીના કારણે નિશ્ચિત સમયમર્યાદામાં અપેક્ષા પ્રમાણે વિદ્યાર્થીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શક્ય નથી ત્યારે વિદ્યાર્થી સમુદાયના બહોળા હિતને ધ્યાનમાં રાખીને પ્રવેશ કાર્યક્રમ રજિસ્ટ્રેશનની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે જે અંતર્ગત હવે તા. ૧૧ જૂન સુધી બુકલેટ અને પીનકોડનું વિતરણ કારશે જ્યારે વિદ્યાર્થીઓ તા. ૧૨ જૂન સાંજે પાંચ વાગ્યા સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

મેમનગર સ્વામિનારાયણ ગુરુકુલમાં ફ્રૂટ ફેયરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુણવત્તાસભર શિક્ષણ તરફ આગળ વધવા સમય આવ્યો

ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ માટે સમાજની સંવેદના જગાવીને સમાજ પ્રત્યેનું ઋણ ચુકવવા સમય આવ્યો છે

ગાંધીનગર, તા.૦૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે શરૂ થઈ રહેલા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં જોડાનારા તમામ મંત્રીઓએ, પદાધિકારીઓ અને સનદી અધિકારીઓને પ્રેરક માર્ગદર્શન આપતા ગુજરાતમાં ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ માટે સમાજની સંવેદના જગાવીને સમાજ પ્રત્યેનું ઋણ ચુકવવાના આ અવસરને સાર્થક બનાવવાનું આહવાન કર્યુ હતું.

રાજ્યમાં બારમાં વર્ષે કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવનું અભિયાન તા. ૧૨, ૧૩, ૧૪ જૂનના દિવસોએ ગ્રામ વિસ્તારમાં અને તા. ૧૯, ૨૦, ૨૧ જૂનના દિવસોમાં શહેરી વિસ્તારમાં હાથ ધરાશે. સ્વર્ણિમ સંકુલના સાબરમતી સભાકક્ષમાં શિક્ષણ વિભાગના ઉપક્રમે યોજાયેલી સમીક્ષા બેઠકમાં આનંદીબેન પટેલે જણાવ્યું કે પ્રાથમિક શિક્ષણ ઉપેક્ષિત અને સ્થગિત દશામાં હતું તેમાં સતત ૧૧ વર્ષથી આ અભિયાન દ્વારા સામાજિક પરિવર્તનને મિશન મોડ ઉપર લાવવામાં સફળતા મળી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે સરકારે શાળાઓમાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડીને પ્રાથમિક શિક્ષણ માટે સમાજ ચેતના ઢંઢોળી છે હવે સમય છે ગુણવત્તાસભર ક્વોલીટી એજ્યુકેશન તરફના પ્રયાણનો. આ પ્રયાણમાં શિક્ષક, સમાજ અને વિદ્યાર્થી તેમજ તંત્ર વાહકો સાથે મળીને સહયોગ કરે તે આવશ્યક છે. કન્યા શિક્ષણની જ્યોત રાજ્યમાં વધુ તેજથી ઝળહળે અને પ્રવેશપાત્ર પ્રત્યેક દિકરી-દિકરો પ્રવેશોત્સવ દરમ્યાન શાળામાં નામાંકન કરાવે તે માટે મહિલાશક્તિ, ખેડૂતો, નિવૃત્ત શિક્ષકો અને સમાજ સમસ્ત જનભાગીદારીથી નેતૃત્વ કરે તેવી મુખ્યમંત્રીએ અપીલ કરી હતી.

વર્ષોવર્ષ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં સમાજની સંવેદના અને જનભાગીદારી વિકસાવવા ઘણા નવા આયામો આપણે સામેલ કર્યા છે તેમ જણાવી મુખ્યમંત્રીએ ભારપૂર્વક ઉમેર્યું કે આ સરકારી કાર્યક્રમ નથી પણ સમાજ પ્રત્યેનું આપણું ઋણ અદા કરવાનો એવો અવસર છે જે જીવનમાં સંતોષ અને ઊર્જાની આપણને પણ અનુભૂતિ કરાવશે. પ્રત્યેક પદાધિકારી અને અધિકારી જે ગામ અને શાળાની મુલાકાત લે તેની સાથે જીવંત સંપર્ક રાખે. શાળા સંચાલન-નિરીક્ષણ સમિતી એવી વાલી ગણ સાથે બેઠક યોજી શાળાના ગામના પ્રશ્નો રજુઆતો સાંભળે અને તેના સુચારૂ નિરાકરણ માટે સંબંધિત વિભાગ સાથે પરામર્શમાં રહે તેવો અનુરોધ પણ મુખ્યમંત્રીએ કર્યો હતો. પ્રારંભમાં પ્રાથમિક શિક્ષણ રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણી અને સર્વશિક્ષા અભિયાનના મિશન ડાયરેક્ટર મુકેશકુમારે આ વર્ષના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની વિસ્તૃત છણાવટ કરી હતી.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી તથા મંત્રીઓ, મુખ્ય સચિવ ડો. વરેશસિંહા, પદાધિકારીઓ અને સનદી સચિવે ઉપરાંત મુખ્યમંત્રીના માર્ગદર્શનનું જીવંત પ્રસારણ ઈ-ગવર્નન્સ માધ્યમથી તમામ જિલ્લામથકોના પદાધિકારીઓ - અધિકારીઓ સમક્ષ થયું હતું.

શબ્દાવલી - ૫૪૧૪

આડી ચાવી

૧. પ્રોત્સાહન માટે મદદ કરવા અપાતી રાહત (૪)
૫. ઇચ્છા, આકાંક્ષા (૩)
૮. બકવાટ, લવારો (૪)
૯. પપ્પાના બેન (૩)
૧૦. એક તેજાનો કાળો ગોળ દાણા (૨)
૧૧. રોટલા (૨)
૧૨. યુક્તિ, પ્રયુક્તિ (૪)
૧૩. દૃષ્ટિ (૩)
૧૫. સાધના, તપસ્થા (૨)
૧૭. ઉતારો, અનુકરણ (૩)
૧૮. ખુબ, વધારે (૩)
૧૯. દિવાસળીની પેટી (૩)
૨૧. ચાડી ખાઉ (૫)

ઊભી ચાવી

૧. પાણીની સપાટી નીચે ચાલતી બોટ (૫)
૨. એક ચોપગું પ્રાણી (૩)
૩. વાસી (૨)
૪. પ્લેટ, તાસક (૨)
૫. સૂર્ય (૪)
૬. વધાર કરવા વપરાતાં કાળા ઝીણા દાણા (૨)
૭. બોલીને જણાવેલ હકીકત(૩)
૧૧. ઉતાવળ, આજ્ઞા (૩)
૧૨. બાણ, સર (૪)
૧૪. પિતા, પાલક (૩)
૧૫. અને, એન્ડ, ઔર (૨)
૧૬. કેડી, પથ (૪)
૧૯. રમત, દાવ (૨)
૨૦. અગ્નિ, અગન (૨)

શબ્દાવલી ૫૪૧૩ના જવાબ

આડી ચાવી :- (૧) પોરબંદર (૫) લુઆ (૭) દરવાન (૯) નાસપત્તિ (૧૧) તાલી (૧૪) વાડી (૧૫) સોનપાપડી (૧૮) સાટાપાટા (૧૯) ડાઘ (૨૦) રાજગરો (૨૧) રસોઇગૃહ (૨૨) લાળ

ઊભી ચાવી :- (૧) પોકળતા (૨) બંદગી (૩) દર (૪) રવાના (૬) આપત્તિ (૮) નસવાડી (૧૦) પડી (૧૨) લીસોટા (૧૩) ગપાટા (૧૬) નપા (૧૭) નઘરોળ (૧૮) સાબર (૧૯) ડાગલા (૨૦) રાહ

વીજ ગ્રાહકોના હિત માટે કોઈપણ વ્યવસ્થા જ નથી

વીજ ઉત્પાદનમાં અને વીજ સપ્લાયમાં મોખરાનું સ્થાન ધરાવતા ગુજરાત રાજ્યમાં વીજ ગ્રાહકોના પ્રશ્નોના નિરાકરણ માટે કોઈ કાયદો કે ગ્રાહક સુરક્ષા જૂથ અસ્તિત્વમાં ન હોવાથી ગ્રાહકોના હિતની રક્ષા થતી નથી. તેથી ગ્રાહકોનું હિત સચવાય અને ગ્રાહક સુરક્ષા જૂથ ઉભા કરવા ઉપરાંત કાયદાની રચના કરી આ જૂથોને જર્ક સમક્ષ સુનાવણી માટે આવતા તમામ કેસો હાજર સહિતની પરવાનગીઓ આપવા સીઈઆરસી એ જર્ક સમક્ષ રજુઆત કરી છે.

વીજ ઉત્પાદન અને વીજ સપ્લાય બાબતે ગુજરાત આગલી હરોળમાં સ્થાન ધરાવે છે પરંતુ રાજ્યમાં વીજ ગ્રાહકોના હિત માટે કોઈ ખાસ વ્યવસ્થા ન હોવાથી ગ્રાહકોના હિત સુરક્ષા જૂથની માંગ ઉઠવા પામી છે. તાજેતરમાં એસ્સાર પાવર લીમિટેડ દ્વારા ગુજરાત ઈલેક્ટ્રિસીટી રેગ્યુલેટરી કમિશનર (જર્ક) સમક્ષ તેના ટેરિફ માં રૂા. ૧.૪૦નો ભાવ વધારો કરવા અરજી કરવામાં આવી હતી. જર્કે આ અંગે કોઈ પબ્લિક નોટીસ ઈસ્યુ કરી ન હતી. સીઈઆરસી એ આ અરજીમાં જોડવા અરજી કરતા એસ્સારે વાંધો ઉઠાવ્યો હતો પણ જર્કે સીઈઆરસીને પક્ષકાર તરીકે જોડવા પરવાગની આપી હતી. આ પ્રક્રિયા બાદ સીઈઆરસી એ હાલમાં જર્કને પત્ર લખી એવી માંગ કરી છે કે ગુજરાત રાજ્યમાં મહારાષ્ટ્ર રાજ્યની જેમ ગ્રાહક સુરક્ષા જૂથ ઉભા કરવા અને ગ્રાહકોના હિતરક્ષક જૂથોની પસંદગી અર્થે ખાસ સિલેક્શન કમિટીની રચના કરવામાં આવે. સીઈઆરસી એ રજુઆતમાં જણાવ્યું છે કે મહારાષ્ટ્રમાં વીજ ગ્રાહકો માટે છ ગ્રાહક સુરક્ષા જૂથને માન્યતા આપી છે. ગુજરાતમાં પણ આવા ગ્રાહક હિત સચવાય તેના માટે વ્યવસ્થા થવી જોઈએ.

શાળાનો સમય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જતા શહેરીજનો હિટવેવથી તોબા પોકારી ગયા છે. ગરમીના લીધે રાજ્યમાં અત્યાર સુધી ૧૩ થી વધુ વ્યક્તિઓનો ભોગ લેવાયો હોવાનું ધ્યાને આવ્યું છે. અંગ દઝાડતી ગરમીએ ગાંધીનગરાઓને પણ બેબાકળા કરી દીધા છે. આકમક ગરમીની અસરથી આમ નાગરિકો ડીહાઈડ્રેશન, ઝાડા-ઉલ્ટી, સન સ્ટ્રોક સહિતની બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આકરી ગરમીની ઋતુમાં આજથી શરુ થયેલા નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે શિક્ષણ તંત્ર દ્વારા શાળાના સમયમાં ફેરફાર કરવાનો આદેશ કરાયો છે. જે અન્વયે શહેરની શાળાઓમાં સવારે ૭ થી ૧૧ દરમિયાન શૈક્ષણિક કાર્ય હાથ ધરવા જણાવાયુ છે. આજે પ્રથમ દિવસે પણ આ નિર્ણયનો અમલ કરવામાં આવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત બપોરે વધુ આકમક બનતી ગરમીને ધ્યાને લઈ બપોરની પાળીમાં ચાલતી શાળાઓનો સમય પણ સવારનો કરી દેવા આચાર્યોને જણાવાઈ દેવાયું છે. એક તબક્કે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વેકેશનનો સમયગાળો લંબાવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી હતી પરંતુ અસઝ્ઝા ગરમીને ધ્યાને લઈ આખરે શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં બપોરના સમયે શૈક્ષણિક કાર્ય બંધ રાખવા સુચના આપી દેવામાં આવી છે.

'કૃષિવિકાસ વર્ષ' તરીકે ઉજવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે. મુખ્યમંત્રીએ કિસાન નારીશક્તિને પ્રેરક આહવાન કરતાં સંવેદનાસભર વ્યક્તવ્યમાં જણાવ્યું કે, કૃષિ પશુપાલન સાથે સંકળાયેલી ગ્રામીણ માતા-બહેનો પોતાના બાળકોની પણ એટલી જ સાર-સંભાળ રાખે અને પોતાનું તેમજ ગામનું એકપણ બાળક કુપોષિત ન રહે તે માટે સહિયારા પ્રયાસો આદરે. આનંદીબેન પટેલે કુપોષણ મુક્ત ગુજરાતની પ્રતિબધ્ધતા દોહરાવતા આ ધ્યેય સાકાર કરવા સંપન્ન વર્ગો કષિકારો સેવાસંગઠનો અને નારીશક્તિને આંગણવાડી દત્તક લઈ તેના બાળકોના આરોગ્ય શિક્ષણની સંભાળની સામાજિક જવાબદારી ઉપાડી લેવા હૃદયસ્પર્શી અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ આવતા બે વર્ષમાં રાજ્યના દરેક ગામ દરેક ઘરને રાજ્ય સરકારની ઘર શૌચાલય સહાયનો ઉપયોગ કરી દરેક ઘરમાં શૌચાલય બનાવવાની નેમ પણ વ્યક્ત કરી હતી. આ સંદર્ભમાં તેમણે જે ગામમાં સરપંચ અને પંચાયતની સંપૂર્ણ બોડી મહિલા સદસ્યોની હોય તેવા ગામો ૧૦૦ ટકા ઘર શૌચાલય અભિયાનનું નેતૃત્વ લે તેવી અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ કૃષિવિજ્ઞાનની આધુનિક ટેકનોલોજીનો વિનિયોગ કરીને મહિલા કૃષિકારો પ્રગતિશીલ પશુપાલકોએ જે અભિનવ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેમાં અન્ય ગ્રામીણ મહિલાશક્તિ પ્રેરણા લઈને રાજ્યના કૃષિક્રાંતિને હરિતક્રાંતિમાં પરિવર્તિત કરવા દાયિત્વ નિભાવે તેવો અનુરોધ કર્યો હતો. કૃષિ મહોત્સવ સમાપન સમાહોરમાં ઉપસ્થિત આરોગ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, નારીશક્તિનો સમાજના વિકાસમાં સમ્યક ઉપયોગ થાય તે માટે સૌએ સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, રાજ્યમાં અનેક મહિલા ખેડૂતો એવા છે કે જેઓ પોતાના શ્રેષ્ઠ કૃષિકાર્ય દ્વારા અન્ય ખેડૂતો મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે તેમના જીવનમાંથી પ્રેરણા લઈ રાજ્યના શ્રેષ્ઠ કૃષિવિકાસ અને પશુપાલન વિકાસમાં રાજ્યની અન્ય ખેડૂત મહિલાઓ પ્રદાન આપે, આરોગ્ય મંત્રીએ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ ગતિ વધુ વેગવંતી બનાવવા નારીશક્તિને પ્રવૃત્ત થવા અનુરોધ કર્યો હતો.

ભીષણ હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દહેશત ફેલાઈ ગઈ હતી. ભારે અંધાધુંધી જોવા મળી હતી. હુમલા બાદ ઓપરેશનનો હવે અંત આવી ગયો છે. સુરક્ષા દળોને એરપોર્ટ પર અંકુશ મેળવીને તમામ ત્રાસવાદીઓને મોતનો ઘાટ ઉતારી દીધા છે. ટીવી અહેવાલામાં દાવો કરવામાં આવ્યો છે કે હુમલાની જવાબદારી પાકિસ્તાની તાલિબાને સંગઠને સ્વીકારી છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓની ઓળખ કરવા તમામના ડીએનએ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાની મિડિયામાં જણાવવામાં આવ્યું છે કે ત્રાસવાદીઓએ તેમની સાથે મોટી માત્રામાં હથિયારો અને ખાવા પીવાની ચીજ વસ્તુઓ સાથે લઈને આવ્યા હતા. આનાથી સાબિત થાય છે કે તેમનો ઈરાદો લાંબા સમય સુધી આતંક મચાવવાનો હતો. રોકેટ લોન્ચર, ગ્રેનેડ અને હથિયારોથી સજ્જ ત્રાસવાદીઓએ જોરદાર હુમલો કર્યો હતો. આ હુમલામાં અન્ય ૨૨ લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ અગાઉ વિમાનીમથકે કરવામાં આવેલા હુમલામાં અનેક વિમાનોને પણ નુકસાનના અહેવાલ આવ્યા હતા. જો કે પાકિસ્તાની સેનાના મેજન જનરલ અસીમ બાજવાએ કહ્યું હતું કે કોઈ પણ વિમાને નુકસાન થયું નથી. તેમણે કહ્યું હતું કે આગની જવાળા વિમાનીમથકની એક ઈમારતમાં ગ્રેનેડ હુમલાના કારણે દેખાઈ હતી.અત્રે ઉલ્લેખનીય છે કે વિમાનીમથકના જુના ટર્મિનલ પર ૧૦ ત્રાસવાદીઓએ ઘુસી ગયા બાદ જોરદાર ગોળીબાર કર્યો હતો. ભારે ગોળીબાર કરવામાં આવ્યા બાદ સૈનાના જવાનોએ તરત જ મોરચા સંભાળી લીધા હતા. આ હુમલો એરપોર્ટના ટર્મિનલ એક પર કરવામાં આવ્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ વિમામથકની તરફ જતા રોડને બંધ કરી દેવાંમાં આવ્યો હતો. સમગ્ર વિમાનીમથકને સીલ કરીને કાર્યવાગી હાથ ધરવામાં આવી હતી.

સેનાની સાથે પોલીસે પણ મોરચા સંભાળી લીધા હતા. એમ માનવામાં આવે છે કે ત્રાસવાદીઓ પાકિસ્તાની સુરક્ષા દળના બનાવટી આઇ કાર્ડ લઈને વિમાનીમથકમાં ઘુસી ગયા હતા. આ હુમલો હજ અને વીવીઆઈપી યાત્રીઓને ટાર્ગેટ બનાવીને કરવામાં આવ્યો હતો.